नच तस्करदृष्टान्तस्थानृताभिसंधत्वोक्त्या नानात्वस्य मिथ्यात्वसिद्धिः । अत्र तत्तत्कार्यार्थं विलक्षणतत्तत्सृष्टिकथनात् । बहुस्यामितीच्छयैकत्वविरुद्धनानात्ववत् प्रजायेयेतीच्छया सूनृतवाणीरूपर्तविरुद्धातथ्यवाणीरूपानृतात्मकत्वेनाप्यधर्मार्थं भवनात् व्यवहारगोचरतायां विशेषेणानृताभिसंधवन्धनस्याप्यधर्ममूलकतया नानात्वमिथ्याभावासाधकत्वात् । अन्यथानृतस्य मिथ्यात्वेनात्मान्तर्धानं नोच्येत । तस्य वस्तुकार्यत्वात्।न च तस्य मिथ्यात्वेनानन्तर्धानादेव दाह इति वाच्यम्। श्रुतावनृतकृतान्तर्धानस्यैव दाहहेतुत्वकथनेन तद्विरोधापत्तेः । नच नानात्वदर्शननिन्दया तस्य मिथ्यात्वसिद्धिः । तस्याश्चक्षुषश्चक्षुरित्यादिना ब्रह्मस्वरूपमुपक्रम्य पठितत्वेन ब्रह्मस्वरूप इन्द्रियादिमत्तया जीवदेहवन्नानात्वस्यैव मिथ्यात्वं सिद्ध्यति न कार्यनानात्वस्येति तस्यात्र वाक्याभासत्वात्। नचानादिकालप्रवृत्ताविद्यावशाद् भेदःप्रतिभासत इतियुक्तम् ॥ अस्यभेदस्य ब्रह्मेच्छयोक्तत्वात् तस्य च ब्रह्मणः प्रतिभासइति त्रिवृत्करणेक्षण एव प्रसाधितत्वेनास्याविद्याकृतत्वाभावात् । तत्कृतत्वे ब्रह्मणोऽपि जीवतौल्यापत्तेः । अतएवं प्रतिपादनं सूत्रश्रुत्योर्नाशनायैवेति ॥

આ સ્થળમાં કેટલાએક માયાવાદનું પ્રતિપાદન કરે છે.

" वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् "

આ શ્રુતિમાં " मृत्तिकेत्येवसत्यम् " આમ કહેલું હોવાથી કારણજ સાચું છે. કાર્ય તો ખોટું છે. અને તે નામ માત્રજ છે. જેમકે માટીમાંથી ઘટ તથા શરાવ પ્રભૃતિ કાર્ય થાય છે પરન્તુ તે સર્વ નામ માત્રજ છે સાચાં નથી પણ કારણ રૂપ માટીજ સાચી છે.

અમે કરેલા અર્થને પોષણ કરનારા વાક્યો નીચે બતાવવામાં આવે છે.

' अपागादग्नेरग्नित्वम् ' ' वाचारम्भणं विकारो नामधेय मृत्तिकेत्येव सत्यम् '

ઇત્યાદિ વાક્યો કારણનુંજ સત્યત્વ પ્રતિપાદન કરે છે. બ્રહ્મ સિવાય પદાર્થનો અભાવ હોવાથી દૃશ્યમાન સર્વ મિથ્યા હોવાથી બ્રહ્મજ સત્ય છે કદાપિ બ્રહ્મવાદી એવી તકરાર ઉઠાવે કે સૂત્રમાં ' अनन्यत्व ' પદ હોવાથી તમો જે અર્થ કરો છો તે ઉચિત નથી પરન્તુ જેવી રીતે એક વૃક્ષની અનેક શાખાઓ હોય છે તેવી રીતે બ્રહ્મ પણ આત્મસ્વરૂપથી એક છે અને કાર્ય રૂપે નાના પ્રકારનું છે એવી રીતે મૃદાદિ દૃષ્ટાન્તનો વિચાર કરીને કહેવું જોઇયે તેમ કહેવા બ્રહ્મવાદી ધારે તો તેનાથી કહી શકાતું નથી કારણ કે પૂર્વમાં બ્રહ્મવાદીએ કહેલું છે તેનાથી વિરૂદ્ધ દૃષ્ટાન્ત વાક્યમાં પ્રતિપાદન કરાય છે.

" ऐतदात्म्यमिदं सर्वं तत्सत्यम् '

આ શ્રુતિમાં એક પરમ કારણનેજ સત્ય કહેલ છે માટે કાર્યને સત્ય કહી શકાશે નહિ. અને સમાપ્તિમાં ' पुरुषंसोम्योत- हस्तगृहीतम् ' આ સ્થલમાં ચોરના દૃષ્ટાન્તથી અનૃતના સંબંધ વાળાને બંધન અને સત્યના સંબંધ વાળાને મોક્ષ પ્રાપ્તિ થાય છે. એવી રીતે જણાવતાં એકનેજ પારમાર્થિકત્વ છે અને નાનાત્વનું મિથ્યાત્વ છે જો એકત્વ અને નાનાત્વ બન્નેને સત્યત્વ કહે-

વામાં આવે તો વ્યવહારમાં એકનેજ અનૃતાચરણ કહેવામાં આવે નહિ વળી—

' मृत्योः समृत्युमाप्नोति य इह नानेव पश्यति '

આ શ્રુતિમાં ભેદ દૃષ્ટિવાળો મૃત્યુથી મૃત્યુને પ્રાપ્ત થાય છે એમ બતાવતાં એકને સત્યત્વ અને નાનાત્વને મિથ્યાત્વ કહેલું છે જો એકત્વ અને નાનાત્વ બન્નેને સત્ય કહેવામાં આવે તો ' नेहनानास्ति किंचन ' આ શ્રુતિમાં નાનાત્વનો નિષેધ કરવામાં આવે નહિ. આવી રીતે માયાવાદી સ્વસિદ્ધાન્તનું સમર્થન કરે છે તેમને બ્રહ્મવાદી તરફથી પુછવામાં આવે કે જ્યારે કારણજ સાચું છે અને કાર્ય ખોટું છે તો ઘટ અને પટ વિગેરે નાના પ્રકારના પદાર્થનું ભાન શાથી થાય છે તેનો ઉત્તર માયાવાદી તરફથી આપવામાં આવે છે કે ઘટ તથા પટ એવી રીતે જે નાના પ્રકારનો ભેદ ભાસે છે તેનું કારણ અનાદિકાલની અવિદ્યા છે પરન્તુ વસ્તુતાએ તે ભેદ નથી.

જ્યારે બ્રહ્મ સિવાય સર્વ વસ્તુ ખોટી છે ત્યારે પ્રત્યક્ષ અનુમાન ઉપમાન શબ્દ ઇત્યાદિ પ્રમાણો નિરર્થક છે. કારણ બ્રહ્મ સિવાય વસ્તુ તો સર્વ અસત્ય છે તેમજ વિધિબોધક શાસ્ત્રો ' अहरहःसंध्यामुपासीत ' અને નિષેધબોધક શાસ્ત્રો સર્વ વૃથા થાય કદાપિ એમ કહે કે શાસ્ત્રો નિરર્થક નથી તોપણ બાધ આવે છે કેમકે બ્રહ્મ સિવાય કાંઇપણ સત્યજ નથી. મોક્ષશાસ્ત્ર પણ ખોટું છે તો ખોટા શાસ્ત્રથી બ્રહ્મજ્ઞાન થશે નહિ. વળી બ્રહ્મ સિવાયની કોઇપણ ચીજ ખરી નથી તો વ્યવહાર પણ ખોટો છે જેથી વ્યવહાર પણ ચાલવો ન જોઈએ તો તેનો જવાબ માયાવાદી આપે છે કે જો કે વ્યવહાર મિથ્યા છે પણ જ્યાંસુધી વ્યવહાર ખોટો છે એવી રીતે વ્યવહારને બાધ કરનાર જ્ઞાન નથી થયું ત્યાંસુધી વ્યવહારની પ્રવૃત્તિનો સંભવ છે. તેમજ પ્રત્યક્ષાદિ પ્રમાણો અને વિધિનિષેધ શાસ્ત્રોના અધિકારી અવિદ્યાવાળા પુરૂષોને જ્યાંસુધી ઉક્ત શાસ્ત્રો અસત્ય છે એમ શાસ્ત્ર બાધક

જ્ઞાન નથી થયું ત્યાંસુધી તે શાસ્ત્રમાં પ્રવર્તે છે માટે અવિદ્યાવાળા પુરૂષોમાં તે શાસ્ત્રનું ચારિતાર્થ્ય છે. બ્રહ્મજ્ઞાન થયા પહેલા મોક્ષશાસ્ત્ર અસત્ય છે. એવું જ્ઞાન ન હોવાથી તેની પણ વ્યર્થતા થતી નથી. તે માયાવાદીને એમ પુછવામાં આવે કે ખોટાથી પણ સાચા જ્ઞાનની પ્રાપ્તિ કેમ થશે તો તેવા ઉદાહરણ બતાવે છે કે જેમાં ખોટુ હોય છે તેપણ ક્રિયાનું કારણ બને છે. જેમકે સ્વપ્નથી શુભ અને અશુભનું સૂચન લિપિના અક્ષરોથી સાચા અક્ષરોનું જ્ઞાન તેમજ ખોટાં મોક્ષશાસ્ત્રથી સાચું બ્રહ્મજ્ઞાન થશે. એ પ્રમાણે આ સર્વ નામરૂપાત્મક માયાત્મક છે. એમ માયાવાદીના મતનો સંક્ષેપથી અનુવાદ કરીને દૂષણ આપવામાં આવે છે. ' ये पुनरित्यादि ', ' तामसचुद्धयः ', ભગવદ્ ભાષ્યકારચરણે ભાષ્યમાં માયાવાદીને તામસ બુદ્ધિવાળા એવું વિશેષણ આપેલું છે તેથી એમ શંકા થાય કે માયાવાદી તામસ મતિવાલા છે તેમાં પ્રમાણ શું તેનો ઉત્તર 'माया च तमोरूपा' આ શ્રુતિમાં માયાને તામસી કહેલી છે. જગતમાં નામરૂપથી વ્યવહાર કરાતા પદાર્થનું કારણ માયા છે આવીરીતે બોલનારા માયાવાદીઓની મતિ તામસી છે એવો નિશ્ચય થાય છે.

કારણપણાનો બોધ કરનાર શ્રુતિઓ અને કાર્યરૂપ સર્વજગત બ્રહ્મરૂપ છે આમ બોધ કરનારી શ્રુતિઓને અનુસરીને કાર્યકારણનો અભેદ સિદ્ધ થાય છે. ' अपागादग्नेरग्नित्वम् ' આ શ્રુતિથી ગુરૂ શિષ્યને ઉપદેશ કરે છે કે અગ્નિમાં રહેલું દાહકત્વ સ્વાભાવિક છે આવું શિષ્યનું માનવું છે પરંતુ તેવું માનવું યથાર્થ નથી. તે આ શ્રુતિથી બતાવવામાં આવે છે.

શ્રુત્યર્થ—અગ્નિનું અગ્નિત્વ ગયું અગ્નિમાં રહેલું અગ્નિત્વ સ્વાભાવિક નથી તે પ્રભુનુંજ છે કારણરૂપ હરિ કાર્ય અવસ્થામાં અગ્નિ સ્વરૂપ થયેલ છે. તે આગત ગીતાજીમાં શ્રીકૃષ્ણચન્દ્ર સ્પષ્ટ કરે છે.

' यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् '

ચન્દ્રમાં તથા અગ્નિમાં જે તેજ છે તે તેજ મારૂં છે આ પ્રમાણે ઉક્ત શ્રુતિનો અર્થ જાણ્યા બાદ ' ऐतदात्म्यमिदं सर्वं तत्सत्यम् ', આ સ્થલમાં પણ અણિમ (સૂક્ષ્મ) નો પરિચય કરાવનાર સર્વ પદ પડેલું છે. અર્થાત્ નામરૂપથી વ્યવહાર કરાતું સર્વ જગત આત્મ સંબંધી છે તત્ શબ્દથી સર્વ શબ્દવાચ્ય નામરૂપાત્મક જગતનુંજ ગ્રહણ થાય છે. તે પૂર્વમાં કહેલું જગત સાચું છે સર્વમાં રહેલ એકનોજ અનુવાદ કરાય છે અર્થાત્ એક નિજેચ્છાથી અનેક રૂપે થયેલ છે માયાવાદી સર્વ નામરૂપાત્મક જગતને અસત્ય કહેવા હિંમત કરતો હોય તો તેમ બોલી શકાતું નથી કારણ તેમ શ્રુતિને અભીષ્ટ હોત તો ' स आत्मा स सत्यम् ' આમ કહેત. પ્રપંચમાં જુદી જુદી ક્રિયા સિદ્ધ થવા માટે જુદી જુદી સૃષ્ટિનું વર્ણન કરેલું હોવાથી તસ્કર દૃષ્ટાંતમાં અનૃતના સંબંધવાળાને બંધન અને સત્યના સંબંધવાળાને મોક્ષ પ્રાપ્ત થાય છે આવી રીતે કહેલ છે તેનાથી એકનું સત્યત્વ અને નાનાત્વનું મિથ્યાત્વ સિદ્ધ થતું નથી શ્રુતિમાં કહેલું છે કે ' एकोऽहं बहुस्याम् ' એક હું અનેક થાઉં આ સ્થળમાં જેવી રીતે એકત્વ વિરૂદ્ધ નાનાત્વનું સ્પષ્ટ દર્શન થાય છે પણ તે મિથ્યા કહી શકાશે નહિ કારણ કે તે નાના રૂપે બ્રહ્મજ નિજેચ્છાથી થયેલ છે " प्रजायेय " આથી ઉપદેશ કરે છે કે ઋત (સત્ય અને પ્રિયઃ વાણી) પણાથી અને અનૃત [અસત્ય અને અપ્રિય વાણી] પણાથી પ્રભુજ થયેલ છે એટલે ધર્મને માટે ઋતવાણી છે અને અધર્મને માટે અનૃત વાણી છે ઋતના સંબંધવાળાને મોક્ષ પ્રાપ્ત થાય છે આવી રીતે વ્યવહાર સિદ્ધ થતો જોવામાં આવે છે પરન્તુ આ સ્થળમાં નાનાત્વનું મિથ્યાત્વ સિદ્ધ થતું નથી. આવીરીતે ન માનીયે અને નાનાત્વને મિથ્યાજ માનવામાં આવે તો શ્રુતિનો વિરોધ પ્રાપ્ત થાય છે. તે નીચે બતાવવામાં આવે છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહેલ છે કે—

' पुरुषं सौम्योत हस्तगृहीतमानयन्ति '

અર્થ—હે સામ્ય ? અન્યની વસ્તુને લેનાર પુરૂષને લાવે છે. તે મનુષ્યે જો ચોરી કરી હોય છે. અને તે કબુલ ના કરે તો તેની ખાત્રી કરવા માટે તેના હાથમાં તપાવેલો લોહનો ગોળો આપે છે. શકદારે જો ચોરી કરી હોય છે તો તે મનુષ્ય પોતાના દુષ્ટ કૃત્યને લીધે પોતાના આત્માને અનૃત કરે છે અનૃતના સંબંધવાળો તે પુરૂષ અનૃત વડે પોતાના આત્માને આચ્છાદત કરીને તપેલો લોહનો પરશુ (ગોળો) ગ્રહણ કરે છે અને તેથી તે દાઝે છે અને મરણ પામે છે.

જો અનૃતને અસત્ય માનવામાં આવે તો તે અનૃતથી અન્તર્ધાન (આચ્છાદન) ઘટી શકતું નથી કારણ કે અન્તર્ધાન ક્રિયા ભાવરૂપ પદાર્થ વિના સંભવતી નથી. માટે વાદીને કબુલ કરવું પડશે કે ઋત અને અનૃત તે બન્ને સત્ય છે.

શંકા—અનૃત તો અસત્ય છે મિથ્યા છે. તે મિથ્યા હોવાથી તેનાથી આચ્છાદન થઇ શકતું નથી. અને અનાચ્છાદિતનો દાહ થશેજ માટે અનૃતને સત્ય માનવાની જરૂર નથી.

ઉત્તર—અનૃત સત્ય છે કે અસત્ય છે. તે બાબતનો નિર્ણય વાદી અથવા સિદ્ધાન્તી સ્વકપોલ કલ્પિત યુક્તિથી કરે તો તેનો પરસ્પર અંગીકાર કરવામાં આવે નહિ.

અનૃતને વેદ જેવી રીતે કહે તેજ માનવું ઉચિત છે. વેદમાં અનૃત વડે અન્તર્હિત પદાર્થનો દાહ થાય છે. આવી રીતે સ્પષ્ટ કહેલું હોવાથી મિથ્યા માનવામાં આવે તો શ્રુતિનો વિરોધ સ્પષ્ટ રીતે પ્રાપ્ત થાય છે વળી—

' मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति '

આ શ્રુતિ બ્રહ્મસ્વરૂપ વિષયક ભેદ દર્શનની નિન્દા કરે છે પરન્તુ 'एकोऽहंबहुस्याम्' આ શ્રુતિસિદ્ધ ભગવદૈચ્છિક ભેદની નિન્દા કરતી નથી. ઉપર કહેલી શ્રુતિનો અર્થ નીચે પ્રમાણે છે. 'यः' જે પુરૂષાર્થલિપ્સુ પુરૂષ 'इह' ભગવત્સ્વરૂપમાં 'नानाइव पश्यति'

જેવી રીતે મનુષ્યોમાં ભૂત ઇન્દ્રિય દેવતાત્મક ભેદ છે તેવી રીતે પ્રભુમાં ભેદ જુએ છે 'सः' તે પુરૂષ ' मृत्योर्मृत्युमाप्नोति ' મૃત્યુથી પણ મૃત્યુને પ્રાપ્ત થાય છે. એટલે મનુષ્ય દેહ પ્રાપ્ત થયા પછી સ્વકર્તવ્ય બ્રહ્મ પ્રાપ્તિના સાધનમાં પ્રવૃત્ત થવું તે છે. અને તેની પ્રાપ્તિનું સાધન શ્રુતિ બતાવે છે કે ' ब्रह्मविदाप्नोति परम् ' બ્રહ્મને જાણનાર પુરૂષોત્તમને પ્રાપ્ત થાય છે ત્યારે જેનું બ્રહ્મ જ્ઞાનજ શાસ્ત્રથી પ્રતિકૂલ છે એટલે બ્રહ્મ અવિદ્યા કલ્પિત છે. અથવા તે સ્વરૂપમાં ભેદ છે. આવું બોલનાર પુરૂષો પુનઃ ચોરાશી લક્ષયોનિના પર્યટનમાં પડે છે.

' प्राणस्य प्राणमुत चक्षुषश्चक्षु रुतश्रोत्रस्य श्रोत्रं मनसो येमनो विदुः । ते निश्चिक्युर्ब्रह्म पुराणमग्र्यम् । '

પ્રાણના પણ પ્રાણરૂપ ચક્ષુના પણ ચક્ષુરૂપ શ્રોત્રના પણ શ્રોત્રરૂપ મનના પણ મનરૂપ પુરાણ સ્વરૂપ અને અગ્રય એવા બ્રહ્મને જે જાણે છે તેણે બ્રહ્મનો નિશ્ચય કરેલો છે. આ શ્રુતિમાં બ્રહ્મનું સ્વરૂપ બતાવવામાં આવે છે. એટલે કે સર્વ પ્રાણિમાં ઇન્દ્રિયો તે આધિભૌતિક સ્વરૂપ છે તે તે ઇન્દ્રિયોના દેવતા તે આધ્યાત્મિક સ્વરૂપ છે. તે સર્વનું આધિદૈવિક સ્વરૂપ બ્રહ્મમાં છે. ત્યારે શંકા થાય કે બ્રહ્મમાં આધિદૈવિક શ્રોત્ર પ્રાણ અને મન છે તો જેમ પ્રાણિમાત્રમાં શ્રોત્ર પ્રાણ મન ચક્ષુ એવો ભેદ છે. તેવી રીતે બ્રહ્મમાં પણ ભેદ હશે. તેવી શંકા થાય ત્યારે શ્રુતિજ શંકાનો નિરાસ કરે છે કે—

' नेह नानास्ति किंचन । मृत्योःसमृत्युमाप्नोति य इह नानेवपश्यति '

બ્રહ્મના સ્વરૂપમાં નાના ભેદ નથી. જે બ્રહ્મમાં નાના ભેદ જુએ છે તે મૃત્યુથી પણ મૃત્યુને પ્રાપ્ત થાય છે.

માટે ભેદની નિન્દા બ્રહ્મ સ્વરૂપ વિષયક છે પરન્તુ તે શ્રુતિનું તાત્પર્ય સર્વ કાર્યરૂપ ને મિથ્યા સિદ્ધ કરવામાં નથી.

જેઓ આ શ્રુતિથી કાર્યનું મિથ્યાત્વ સિદ્ધ કરે છે તેઓ અહીં તાંડવ કરે છે.

વળી એકદેશી તરફથી કહેવામાં આવ્યું હતું કે જે આ ભેદ ભાસે છે તે અનાદિકાલની પ્રવર્તેલી અવિદ્યાથી ભાસે છે આમ કહેવું પણ ઉચિત નથી કારણ કે તે ભેદ બ્રહ્મની ઇચ્છાથી જ થયેલ છે અને તેનો બ્રહ્મને પણ અનુભવ થયેલ છે. એવીરીતે છાંદોગ્ય ઉપનિષદમાં ત્રિવૃત્ કરવાની ઈચ્છા સમયેજ પ્રતિપાદન કરેલું છે માટે બ્રહ્મની ઈચ્છાથી ભાસતા ભેદને અવિદ્યાકૃત કહી શકાય તેમ નથી. જો તેમ કહેવામાં આવે તો બ્રહ્મને જીવની સાથે તુલ્યતા પ્રાપ્ત થાય. તે બતાવવામાં આવે છે, છાંદોગ્યમાં કહેલું છે કે—

' सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि । '

અર્થ—તે બ્રહ્મે વિચાર્યું કે હું આ ત્રણ દેવતાઓ (પૃથ્વી જલ તેજ) પ્રત્યે આ જીવાત્માવડે પ્રવેશ કરીને નામરૂપનો વિસ્તાર કરું.

હવે સુજ્ઞ પુરૂષોએ વિચારવું જોઇયે કે બ્રહ્મેચ્છાથી થયેલા ભેદને અવિદ્યાકૃત માનવામાં વૈદિક સિદ્ધાન્તથી કેટલું બધું ચ્યુત થવાય છે, જો બ્રહ્મેચ્છાથી થયેલા ભેદને અવિદ્યાકૃત માનવામાં આવે તો ' **एकोऽहं बहुस्यां प्रजायेय** ' ઇત્યાદિ શ્રુતિઓ જાણે વેદમાંજ ન હોય અને ભગવન્નિશ્વાસરૂપ વેદે પ્રતિપાદિત કરેલા સિદ્ધાન્તમાં સુધારો કરવા માગતા હોય તેમ પોતાની યુક્તિને અનુકૂલ વેદની વ્યવસ્થા કરવા મથે છે એવી રીતનું પ્રતિપાદન સૂત્ર અને શ્રુતિના નાશને માટેજ કલ્પાય છે.

इत्थं मायावादानुसृतानां मते जगद्वेदगीतादिसर्वसच्छास्त्राणां गुरोश्च सत्यत्वाभावख्यापनाय षण्णां पदार्थानामनादित्वं स्वीक्रियते.

तदित्यम्, ' **जीवईशो विशुद्धा चि द्विभागस्त्वनयो र्द्वयोः ।**
अविद्या तत्कृतो बन्धः षडस्माकमनादयः । '

एवं पञ्चानां पदार्थानां सान्तानादित्वं ब्रह्मणश्चानाद्यनन्तत्वमुच्यते तन्न समंजसम् । किञ्च यत्पदार्थस्यानादित्वं तस्यान्तविशिष्टत्वं न संभवति । यद्यदनादि तत्तदनन्तं यथा ब्रह्मेत्यनुमानेन मायाया अप्यनन्तत्वापत्तेः ।

न प्रतिपादितं कस्यामपि श्रुतौ षण्णां पदार्थानामनादित्वम् । प्रत्युत ' एकमेवाद्वितीयं ब्रह्मेत्यादि श्रुतौ ब्रह्मण एवानाद्यनन्तत्वं प्रोक्तम् । एवंविधवैदिकसिद्धान्तमननुरुध्य ये ' षडस्माक मनादयः ' इति ब्रुवन्ति ते स्वस्यैवावैदिकत्वं प्रतिपादयन्तः श्लोकेऽस्माकमिति पदेन स्वमतस्य वेदाभिन्नत्वं प्रदर्शयन्ति ।

આ પ્રમાણે માયાવાદને અનુસરનારાઓના મતમાં જગત્ વેદ ગીતા પ્રભૃતિ સત્શાસ્ત્રો સર્વ કલ્પિત છે આમ જણાવવા માટે છ પદાર્થોનું અનાદિત્વ સ્વીકારવામાં આવે છે.

તે નીચે બતાવવામાં આવે છે.

' **जीव ईशो विशुद्धाचिदिति** ' જીવ ઇશ્વર વિશુદ્ધચૈતન્ય જીવ ઇશ્વરનો વિભાગ, અવિદ્યા અને અવિદ્યાએ કરેલો બંધ આ પ્રમાણે છ પદાર્થો અનાદિ માનવા પડે છે અને બ્રહ્મનું અનન્ત અનાદિત્વ કહેવામાં આવે છે તે યોગ્ય નથી કારણ કે જે પદાર્થ અનાદિ છે તે અન્તવાળો હોતો નથી. કેમકે જેજે અનાદિ છે તે તે અનન્ત હોય છે ઉદાહરણ તરીકે બ્રહ્મ તેવીજ રીતે માયા આ અનુમાનથી માયાનું પણ અનન્તત્વ સિદ્ધ થાય છે.

વળી કોઇપણ શ્રુતિમાં છ પદાર્થનું અનાદિત્વ પ્રતિપાદન કરેલું નથી પ્રત્યુત ' एकमेवाद्वितीयं ब्रह्म ' ઇત્યાદિ શ્રુતિમાં બ્રહ્મનુંજ અનાદિત્વ અનન્તત્વ પ્રતિપાદન કરેલું છે આવી રીતના વૈદિક સિદ્ધાન્તને નહિ અનુસરીને જેઓ—

'षडस्माकमनादयः'

અર્થ—અમારા મતમાં છ અનાદિ છે આમ બોલે છે તેઓ પોતાનુંજ અવૈદિકત્વ પ્રતિપાદન કરતા થકા શ્લોકમાં કહેલા अस्माकम् પદથી પોતાના મતને વેદથી જુદો કરે છે.

शुद्धाद्वैतसिद्धांतस्य वेदे प्रतिपादनं वर्तते ॥ तथाहि तैत्तिरीयोपनिषद्युच्यते ॥ यतो वा इमानिभूतानिजायन्ते येन जातानि जीवन्ति यत्प्रयन्त्यभिसंविशन्ति तद्ब्रह्मविजिज्ञासस्वेति। अत्र केचित्त्वेवं जल्पन्ति यच्छ्रुतिरियं हि मायोपहितब्रह्मण एव कर्तृत्वं प्रतिपादयति। तन्नशोभनम्। भृगु र्वरुणं पितरमुपगम्य। अधीहि भगवो ब्रह्मेत्यनुयोगंकृतवान्। तत्रितापि, यतो वा इमानीति श्रुत्या परब्रह्मोपदिदेश न तु शबलब्रह्म। तस्माच्छ्रुतिमिमां शबलब्रह्मपरां योजयन्तः ख्यापयन्ति निजनिगमानभिज्ञताम्। अत एव श्रीमद्वेदव्यासचरणा आज्ञापयन्ति चतुर्लक्षण्यां 'जन्माद्यस्य यतः शास्त्रयोनित्वादिति' यतोयस्मादस्य पुरोवर्तिनः प्रपञ्चस्य जन्मास्थितिलयादयोभवन्ति तद्ब्रह्मैव कारणं कुतः शास्त्रयोनित्वात् शास्त्रे योनिः शास्त्रयोनिः। तस्यभावस्तस्मात् शास्त्रयोनित्वात् शास्त्रोक्तकारणत्वादित्यर्थः। अत्र केचिदिदं सूत्रं शबलब्रह्मपरत्वेन लापयन्ति तन्नेष्टतरम्। तत्रबीजमुपक्रमे श्रीमद्वेदव्यासचरणैरथातो ब्रह्मजिज्ञासेति सूत्रे शुद्धब्रह्मणो जिज्ञासायाः प्रतिपादितत्वात्। तत्र किंलक्षणकं ब्रह्मेत्याकांक्षायां जन्माद्यधिकरणेन जगाद शुद्धब्रह्मणो लक्षणम्।

શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તનું વેદમાં દરેક સ્થલમાં પ્રતિપાદન કરેલું છે. તે બતાવવામાં આવે છે. તૈત્તિરીય ઉપનિષદમાં કહેલું છે કે 'यतो वा इमानिभूतानिजयन्ते' આ શ્રુતિમાં સ્પષ્ટ કહેલું છે કે જેનાથી તમામ પ્રાણિઓ ઉત્પન્ન થાય છે જેનાથી ઉત્પન્ન

થયેલાનું પાલન થાય છે અને જેને વિષે લય થાય છે તથા પ્રવૃત્તિદ્વારા ભકતો જેમાં પ્રવેશ કરે છે તે બ્રહ્મને તું જાણ.

આ શ્રુતિથી એમ સિદ્ધ થાય છે કે જગતનું કારણ બ્રહ્મ છે આ સ્થલમાં કેટલાએક કહે છે કે આ શ્રુતિ માયોપાધિ બ્રહ્મનુંજ કર્તૃત્વ બતાવે છે તેમ કહેવું યોગ્ય નથી. ભૃગુએ પોતાના પિતા વરૂણને શુદ્ધ બ્રહ્મનોજ પ્રશ્ન કરેલો છે તે પ્રશ્નના ઉત્તરમાં વરૂણજીએ ઉપર બતાવેલી શ્રુતિથી શુદ્ધ બ્રહ્મનોજ ઉપદેશ કરેલો છે હવે ભૃગુ ઋષિએ પરબ્રહ્મની જીજ્ઞાસા કરી અને વરૂણજી જો શબલ બ્રહ્મનો ઉપદેશ કરે તો कर्णेपृष्टेकर्टिंचालयति એ ન્યાય લાગુ પડે. વસ્તુ સ્થિતિ આવી છે તેથી આ શ્રુતિને શબલ બ્રહ્મ પરત્વ જોજનારાઓ પોતે વેદનું તત્વ સમજતા નથી તેમ બતાવી આપે છે વાસ્તે વ્યાસ ચરણ ચતુર્લક્ષણીમાં આજ્ઞા કરે છે કે—

'जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात्'

અર્થ—જે બ્રહ્મથી આ પુરોવર્તિ પ્રપંચના જન્મ સ્થિતિ અને લય થાય છે તે બ્રહ્મ છે તેમાં હેતુ આપે છે કે શાસ્ત્રમાં જગતની કારણતા બ્રહ્મનેજ કહી છે આ સૂત્રને પણ કેટલાએક શબલ બ્રહ્મ પરત્વે જોજવા પ્રયાસ કરે છે પણ તે પ્રયાસ તુષાવઘાત તુલ્ય છે કારણ કે ઉપક્રમમાં શ્રીમદ ભગવદ જ્ઞાનાવતાર વેદ વ્યાસજીએ 'अथातोब्रह्मजिज्ञासा' આ સૂત્રમાં શુદ્ધ બ્રહ્મની જીજ્ઞાસાનું પ્રતિપાદન કરેલું છે તે બ્રહ્મનું લક્ષણ શું? આવી આકાંક્ષા ઉપસ્થિત થાય છે ત્યારે મહર્ષિ जन्माद्यस्ययतः शास्त्रयोनित्वात्' આ સૂત્રથી શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનું લક્ષણ આપે છે.

वेदः कुत्रापि निर्गुणसगुणब्रह्मणोर्भेदं न प्रतिपादयाञ्चकार। परन्तु श्रुतिमनुरुध्य सगुणनिर्गुणब्रह्मणोरेवंविधा व्यवस्था वर्तते। तद्धि। यस्मिन् दयातितिक्षाशमसंतोषप्रभृतयोऽलौकिकगुणविशिष्टत्वं संभवति तत्सगुणं ब्रह्म, यस्मिंश्च दंभदर्पेर्ष्याप्रभृतीनां लेशतोऽपि

प्रतीतिविषयत्वं न भवति तन्निर्गुणं ब्रह्म । इत्थमेव निर्गुणस-
गुणशब्दयो व्यवस्था शास्त्रानुसारिणी दृश्यते निराकारसाकारश-
ब्दयोरपि व्यवस्थैतादृश्येव दृगोचरीभवति । यत्र मज्जास्थिपलल-
प्रभृतयो न दृश्यन्ते तन्निर्गुणंब्रह्म । यत्र च करचरणाद्यवयवानापा-
नन्दमयत्वेन प्रतीत्यनुकूलत्वं भवति तत्साकारं ब्रह्म । श्रुतिरप्यानन्द-
मयब्रह्मण एव कर्तृत्वं प्रतिपादयति । तद्धि । आनन्दाद्ध्येव खल्वि-
मानि भूतानि जायन्ते आनन्देन जातानि जीवन्ति आनन्दं प्रयन्त्य-
भिसंविशन्ति तद्ब्रह्म विजिज्ञासस्वेति श्रुत्याऽनन्दमयशुद्धनिर्गुण-
ब्रह्मण एव जगत्कर्तृत्वमुक्तम् । तथैव सर्वकर्ता सर्वभोक्तेत्यादिश्रुता-
वपि शुद्धनिर्गुणब्रह्मण एव कर्तृत्वभोक्तृत्वे दृश्येते । यदि जगतोऽस-
त्यत्वमनित्यत्वं चांगीक्रियेत चेत्तर्हि सृष्ट्यादिकर्तृत्वप्रतिपादकश्रुति-
वाक्यानामसंगतत्वापत्तिः ।

વેદમાં ક્યાંય પણ સ્થલમાં નિર્ગુણ બ્રહ્મ તથા સગુણ બ્રહ્મ
એવા ભેદ કરીને બે બ્રહ્મનું પ્રતિપાદન કરેલું નથી સગુણ અને
નિર્ગુણ બ્રહ્મની આવી રીતે વ્યવસ્થા વેદાનુસારી થાય છે. જેમાં
દયા તિતિક્ષા શમ સંતોષ વિગેરે અલૌકિક ગુણો હોય તે સગુણ
બ્રહ્મ અને જેમાં દંભદર્પ ઈર્ષ્યાઆદિ ગુણો લેશ પણ જણાતા
નથી તે નિર્ગુણ બ્રહ્મ. આ પ્રમાણે વેદમાં નિર્ગુણ બ્રહ્મ અને
સગુણ બ્રહ્મની વ્યવસ્થા છે. એવી રીતે નિરાકાર અને સાકાર
બ્રહ્મની વ્યવસ્થા શ્રુતિમાં કરેલી છે, જ્યાં મજ્જા અસ્થિઆદિનો
લેશ પણ જણાતો નથી તે નિર્ગુણ બ્રહ્મ છે. અને જ્યાં હાથ
પગ આદિ અવયવો આનન્દ સ્વરૂપ છે, તે સાકાર છે. શ્રુતિ પણ
આનન્દમય બ્રહ્મનું જ કર્તૃત્વ પ્રતિપાદન કરે છે.

आनन्दाद्ध्येवखल्विमानिभूतानि जायन्ते ।

અર્થ—આનન્દ સ્વરૂપ બ્રહ્મથી આ સમગ્ર પ્રાણીમાત્રો
ઉત્પન્ન થાય છે. તેનાથીજ ઉત્પન્ન થયેલાનું પાલન થાય છે અને

તેમાં વિષે તમામનો લય થાય છે તેનેજ બ્રહ્મ તું જાણ. આ
શ્રુતિથી આનન્દમય શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનું જ કર્તૃત્વ પ્રતિપાદન
કરેલું છે તેવી રીતે 'सर्वकर्तासर्वभोक्ता' ઇત્યાદિ શ્રુતિમાં પણ શુદ્ધ
નિર્ગુણ બ્રહ્મનું જ કર્તૃત્વ તથા ભોક્તૃત્વ પ્રતિપાદન કરેલું છે.
જેમ ન માનવામાં આવે અને જગત્ને અનિત્ય માનવામાં આવે
તો સૃષ્ટ્યાદિ કર્તૃત્વ પ્રતિપાદક વાક્યોની અસંગતિ થાય.

नन्वस्त्यध्यारोपापवादलक्षणा संगतिः । तथाहि शुद्धब्रह्मणो
दुर्ज्ञेयत्वेन तज्ज्ञापनाय जगज्जननमुक्त्वा तत्कर्तृत्वभोक्तृत्वे प्रति-
पाद्य तद्द्वारा सोपाधिब्रह्मणि बुद्धौ सिद्धायां शाखाचंद्रवतीन्यायेन
पूर्वोक्तमपाह्य कर्तृत्वाद्यपेतं ब्रह्म पश्चाद्बोध्यत इति चेन्नैवं वक्तुंयुक्तम्
जगदप्रतीतिप्रसंगात् । तथाहि । नहि जगत्प्रतीतिः श्रुतिसिद्धा येन
पूर्वं बोधयति पश्चान्निषेधतीत्युच्यते किंतु लोकसिद्धा तथाच तत्र
कर्त्रपेक्षायां कर्तारमेवोपदिशतीति वक्तुंयुक्तम् । नतु लोकसिद्धमेव
जगदनूद्य तत्कर्तृत्वं बोधयति पश्चान्निषेधतीति तथासति कार्यस्य
प्रतीतिसिद्धत्वेन कर्त्रन्तरस्याभावाच्च ।

जगत एवासंभवेनानुवादो बाधितविषयः स्यात् । स्वारूढ-
शाखाच्छेदनवन्मातावन्ध्येतिवाक्यवच्च सर्वार्थतत्त्वप्रतिपादिका श्रुतिः
कथमेवं वदेत् । सर्वतो बलवती ह्यन्यथानुपपत्तिः । ननूपलब्धिमात्रेण
न वस्तुसत्त्वं वक्तुं शक्यम् । स्वप्नादिषु तथा प्रसंगात् । तथाच
निषेधिकायाः श्रुतेः प्रपंचासत्वमेवाभिप्रेतामितिचेत् तर्हि प्रतीतिमुप-
पादयतु देवानांप्रियः । न तावद्बाधनयेति वक्तुंशक्यम् । तस्या
अनुभवजन्यत्वेन जगतश्चासत्त्वेन पूर्वमनुभवासंभवात् ।

नचानादित्वेन तदुपपत्तिः । सर्वेषामनुभवानां वासनाजनक-
त्वानियमेन कदाचित्कस्यचिदर्थस्याप्रतीतिप्रसंगात् । नियमे वा
सर्वदा तदुद्बोधानियमेनापि तथा प्रसंगः । उद्बोधकं च न दृष्टम् ।

अन्योन्याश्रयप्रसंगात् । नाप्यदृष्टम् । दृष्टसामग्रीसंपादनद्वारैव तस्य कारणत्वात् । वैधर्म्याच्च न स्वप्नादिवादिति तत्त्वसूत्रविरोधश्च । एवं मधुचरणैर्विद्वन्मंडने प्रतिपादितं विशेषजिज्ञासुभिस्ततोऽन्वेषयम् ।

એક દેશી વેદે કહેલાં સૃષ્ટિ કર્તૃત્વાદિ વાકયેાની સંગતિ નીચે પ્રમાણે કરે છે. જ્યાં જ્યાં સૃષ્ટિ કર્તૃત્વ પ્રતિપાદક વાકયનું દર્શન થાય ત્યાં તેમ સમજવું કે શુદ્ધ બ્રહ્મમાં કર્તૃત્વનો અ-ધ્યારોપ કરવામાં આવે છે. અને જ્યાં બ્રહ્મ અકર્તૃ છે. એમ પ્ર-તિપાદન કરનારા વાકયેાનું દર્શન થાય ત્યાં તે વાક્ય કર્તૃત્વનો નિષેધ કરે છે એમ સમજવું.

આવી સંગાન કર્યા સિવાય વેદનો યથાર્થ અર્થ સમજાતો નથી એવી એક દેશીની માન્યતા છે. અને તેને હેતુ પૂર્વક પ્રતિ-પાદન કરે છે. શુદ્ધ બ્રહ્મ દુર્જ્ઞેય હોવાથી પ્રથમ તે શુદ્ધ બ્રહ્મનું જ્ઞાન થઈ શકતું નથી. માટે શ્રુતિ તે શુદ્ધ બ્રહ્મના જ્ઞાન કરાવવા સારૂ જગત્‌ની ઉત્પત્તિ કહીને બ્રહ્મ જગત્‌કર્તૃ છે અને ભેાક્તૃ છે એવી રીતે પ્રતિપાદન કરીને કર્તૃત્વ ભેાક્તૃત્વદ્વારા માયાની ઉપાધિવાળા બ્રહ્મમાં બુદ્ધિ સિદ્ધ થયા બાદ શાખારૂંધતી ન્યા-યની માફક પૂર્વમાં કહેલા કર્તૃત્વઆદિ ધર્મોનો નિષેધ કરવાથી કર્તૃત્વાદિ રહિત શુદ્ધ બ્રહ્મનું જ્ઞાન થશે. આમ કહેવું યુક્ત નથી કારણ કે જો તેવું માનવામાં આવશે તો જગત્‌ની પ્રતીતિ જ થશે નહિ. કેમકે શ્રુતિ જગત્‌ની પ્રતીતિ કરાવતી નથી. જો શ્રુતિ પ્રથમ જગત્‌ની પ્રતીતિ કરાવતી હોય તોજ જગત્‌ની પ્ર-તીતિનો નિષેધ કરી શકે જગત્‌ની પ્રતીતિ તો લેાક સિદ્ધ છે. પણ આ જગત્‌નો કર્તા કોણ છે આવી જીજ્ઞાસા થાય છે ત્યારે શ્રુતિ જગત્ કર્તાનો ઉપદેશ કરે છે; આવું કહેવું યેાગ્ય છે.

વળી વાદી કદાપિ તેવું કહે કે શ્રુતિ લેાક સિદ્ધ જગત્‌નો અનુવાદ કરીને તે જગત્‌ના કર્તૃત્વનો બોધ કરી પછી કર્તૃત્વનો નિષેધ કરે છે તે પણ યેાગ્ય નથી. જો તેમ માનીયે તો કાય તો

પણ છે અને તેના મતમાં જગત્‌નો કર્તા તો કોઈ પણ પ્રતીતિ સિદ્ધ નથી જગત્ કર્તૃત્વ બ્રહ્મનું નથી પ્રથમ સમજવા માટે માનવામાં આવે છે તે પણ માયેાપહિત છે અને તે તો અવિદ્યા કલ્પિત છે માટે આ જગત્ કાર્યનો કર્તા કોઇ પણ ન હોવાથી જગત્‌રૂપ કાર્યનોજ વાદીના મતમાં અસંભવ થશે. શ્રુતિ જગત્‌નો અનુવાદ કરે છે તે કહેવું બાધિત છે. કેમકે જે વસ્તુ નથી તે વસ્તુનો શ્રુતિ અનુવાદ કરે છે આ કહેવું તે પ્રજ્ઞા-હીનત્વ સૂચવે છે બેઠેલી ડાળ કાપનારની માફક અને જેમ કોઇ મૂર્ખ વદે કે મારી મા વાંઝણી છે આવું બાધિત વચન સર્વ અર્થના તત્ત્વનું પ્રતિપાદન કરનાર શ્રુતિ કેમ આજ્ઞા કરે.

સર્વ કરતાં શ્રુતિની અન્યથાનુપપત્તિ બલવાળી છે.

એક દેશી કહે કે ઉપલબ્ધિ માત્રથી (વસ્તુની પ્રતીતિ માત્રથી) વસ્તુ સાચી છે આમ કહેવું ઉચિત નથી. જો તેમ કહેવામાં આવે તો સ્વપ્નમાં જે પદાર્થો જોવામાં આવે છે તે પણ સાચા કહેવાશે. આટલા માટે નિષેધ બોધક વાકયોને પ્રપં-ચનું અસત્યત્વજ ઇષ્ટ છે. આવી રીતે કહેવા વાદી પ્રયાસ કરતો હોય તો વાદીએ જગત્‌ની પ્રતીતિ શાથી થાય છે તે પ્રતિપાદન કરવું જોઇયે એક દેશી જગત્ પ્રતીતિનું કારણ વાસના કહે તો તે પણ ઘટી શકતું નથી. કારણ કે વાસના અનુભવથી થાય છે પરન્તુ તેના મતમાં જગત્ તો અસત્ય છે માટે અનુભવજ ઘટી શકતો નથી.

પુનઃ વાદી કહેશે કે વાસના અનાદિ છે અને અનાદિ વા-સનાથી જગત્‌ની પ્રતીતિ થશે, તો તેમ પણ કહી શકાય તેમ નથી. કારણ અનુભવ વાસનાને ઉત્પન્ન કરેજ તેવો નિયમ નથી માટે કોઈ વખતે કોઈ પદાર્થની અપ્રતીતિ થશે અથવા તો ક્ષણ-માત્ર વાદીના સંતોષને માટે માનીયે કે તમામ અનુભવો વાસ-નાને ઉત્પન્ન કરે છે તો તે કહેવું પણ ટકી શકતું નથી. કારણ કે વાસના પણ જ્યારે ઉદ્‌બોધક હોય છે ત્યારેજ પ્રતીતિમાં કા-

રણ થઇ શકે છે પરન્તુ આ સ્થલમાં ઉદ્‌ઘોધક કોઈ પણ ન હો-
વાથી પુનઃ તેજ દોષની પ્રાપ્તિ થાય છે. ઉદ્‌ઘોધક દૃષ્ટ નથી જે
તેમ કહેવામાં આવે તો અન્યોન્યાશ્રય દોષ પ્રાપ્ત થાય છે તે
નીચે બતાવવામાં આવે છે.

વાદી પદાર્થની પ્રતીતિનું કારણ વાસનાને માને છે, અને તે
પ્રતીત થયેલ પદાર્થજ દૃષ્ટ કહેવાય છે તેથી પદાર્થની પ્રતીતિ
સિવાય ઉદ્‌ઘોધકત્વ સંભવતું નથી અને ઉદ્‌ઘોધકત્વ વિના પ-
દાર્થ પ્રતીતિ સંભવતી નથી આવી રીતે અન્યોન્યાશ્રય દોષ પ્રા-
પ્ત થાય છે વળી અદૃષ્ટ ઉદ્‌ઘોધક છે આવી રીતે પણ કહી
શકાય તેમ નથી કારણ અદૃષ્ટને દૃષ્ટ સામગ્રીદ્વારા કારણપણું છે.
વળી 'વૈધર્મ્યાચ્ચ નસ્વપ્નાદિવત્' આ તત્વસૂત્રનો વિરોધ પ્રાપ્ત
થાય છે.

સૂત્રાર્થ—જગત્ સ્વપ્ન જેવું નથી કારણ સ્વપ્નના ધર્મથી
જગત્‌ના ધર્મ જુદા છે. આ વિષય સારી રીતે વિદ્વન્મંડનમાં
શ્રી વિઠ્ઠલનાથજીએ અનેક શ્રુતિસ્મૃતિ યુક્તિથી ચર્ચ્યો છે માટે
વિશેષ જીજ્ઞાસુજનોએ તે સ્થલ જોવું.

યથા વૈદિકસિદ્ધાન્તે જગતોઽસત્યત્વં ન કિન્તુસત્યત્વમેવ
તથા શ્રુતિમૂત્રાદિપ્રમાણમનુરુધ્ય જીવસ્યાપ્યણુત્વમંગીક્રિયતે। તથા
ચાહ શ્રુતિઃ, 'વાલાગ્રશતભાગસ્ય શતધા કલ્પિસ્યતુ। ભાગોજીવઃ
સવિજ્ઞેયઃ। 'એષોઽણુરાત્મા ચેતસા વેદિતવ્યઃ' યથા સુદીપ્તાત્પા
વકાત્સ્ફુદ્રાવિસ્ફુલિંગા વ્યુચરાન્તિ। તથૈવાત્મનઃ સકાશા ત્સર્વેજીવાઃ
સર્વે લોકાઃ કપૂયચરણા રમણીયચરણાઃ।' ઇત્યાદિ શ્રુતિસંઘૈ-
જીવસ્યાણુત્વમેવોચ્યતે ન વ્યાપકત્વમ્। યદ્યપિ વિસ્ફુલિંગા અગ્ને-
રંશા સ્તથાપિ યાવતી વહ્નૌ દાહકત્વશક્તિ સ્તાવતી ન સ્વાંશેષુ સ્ફુલિં-
ગેષુ તથા સર્વજ્ઞત્વાદિધર્મયુક્તબ્રહ્મણોઽંશે જીવેઽલ્પજ્ઞત્વાદીનત્વ
હીનત્વાદયો વિલસન્તિ ધર્માઃ ॥ તેચ ધર્મા નચોપાધિતો નચ નૈર-
તર્યાઃ કિન્ત્વેકોઽહં બહુસ્યામિતિ શ્રુતિસિદ્ધેયચ્છયૈવ। તથૈવાભાણિ

વ્યાસચરણૈશ્ચતુર્લક્ષણ્યામ્। 'અંશો નાનાવ્યપદેશાદિતિ'।
તર્યસ્તુ જીવો બ્રહ્મણોઽંશઃકુતો નાનાવ્યપદેશાત્। કચિદ્‌બ્રહ્મત્વેન
ચિદ્‌બ્રહ્મત્વેન કચિદીશિતવ્યત્વેનાણુત્વેન વ્યાપકત્વેન નિરૂપણા-
ત્સ્યૈવ વિરુદ્ધધર્માશ્રયત્વં બ્રહ્માતિરિક્તસ્ય ન સંભવતિ। અતોજીવો
ંશ એવ। ननु જીવસ્યાંશત્વે સવશરીરચૈતન્યાનુપલંભ ઇતિ
ત્તમ્। 'વિસર્પિંગુણચૈતન્યોઽણુર્જીવોંઽશો હરેઃસ્મૃતઃ।

જડે ચિદાનન્દયોસ્તુ ચિત્યાનન્દસ્ય સર્વશ' ઇતિ કાશીસ્થ-
ીમદ્‌ગિરિધરચરણૈઃ ગ્રતિપાદિતમ્। અસ્યાર્થસ્તુ વિસર્પિંપ્રસરણ-
ીલં ચૈતન્યં ગુણોયસ્ય યથામણેઃપ્રભા। તથાચ વ્યાસસૂત્રમ્।
'ગુણાદ્વાલોકવત્' જીવસ્ય ચૈતન્યં ગુણસ્તસ્માત્સર્વશરીરવ્યાપી
ત્ર દૃષ્ટાન્ત આલોકવત્। સૂર્યમણ્યાદિપ્રભા યથા વહુદેશં વ્યાપ્નોતિ
તદ્વદિત્યર્થઃ। અગ્રે 'વ્યતિરેકો ગન્ધવત્' અર્થસ્તુ સ ચૈતન્યગુણો
વિશેષેણાતિરિચ્યતેઽધિકદેશં વ્યાપ્નોતીતિ વ્યતિરેકઃ કશ્વ ગન્ધ-
સ્તુ। યથા ચમ્પકાદે ર્ગન્ધશ્ચમ્પકાધિકદેશ ઉપલભ્યતે તદ્વદિત્યર્થઃ।
ન ચમ્પકાત્તદવયવાનાં નિઃસરણે ગન્ધોપલબ્ધિરિતિ વાચ્યમ્।
નિઃસરણ ન્યૂનત્વાપત્તેઃ। ભોગ્યાદૃષ્ટત્વેન તદવયવપૂરણકલ્પનાયાં
ગૌરવાત્। કિંચોગ્રગન્ધાદેઃસ્પર્શે મુહુર્મુહુઃ ક્ષાલનેન દુર્ગંધાનપગમા-
દનેકચર્મપુટવેષ્ટિતસ્ય મૃગમદસ્ય સુગન્ધોપલબ્ધશ્ચ। અતોઽવયવક-
લ્પનાનિરસ્તેતિદિક્। કિંચ તૃતીયોઽપિ દૃષ્ટાન્તઃ। 'અવિરોધશ્ચન્દન-
વત્' યથાચન્દનમેકદેશસ્થિતં કૃત્સ્નશરીરે શૈત્યં સુખંચ જનયતિ
તદ્વદણુત્વેઽપિ જીવસ્ય સર્વશરીરે ચૈતન્યોપલબ્ધિરિત્યર્થઃ। 'નિત્યઃ
સર્વગતસ્થાણુ રિતિસ્મૃતેશ્ચ। અર્થસ્તુ સર્વગતેન બ્રહ્મણાસહ તિષ્ઠતી-
તિ સર્વગતસ્થઃ। તથાહિ 'દ્વાસુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં
પરિષસ્વજાતે।' ઇતિ શ્રુતિઃ સચાસાવણુશ્ચેતિ સર્વગતસ્થઃ। તસ્મ -
જીવસ્યાણુત્વમેવરાદ્ધાન્તિતં શ્રુતિશરણૈઃ જી ય વ્યાપકત્વં વેદવિ-

रुद्धमेव । अतएवाभाणिषुः श्रीमद्वल्लभाचार्यचरणाः ।

वेदमार्गविरोधेन येषां करणमण्वपि ।
तेहि पाषंडिनोज्ञेयाः शास्त्रार्थत्वेन वेषिणः ॥ १ ॥

पूर्वपद्योक्तपाषंडपरायणान्तःकरणानां का गतिर्भवित्री तदु श्रीमद्वल्लभाचार्यचरणा आज्ञापयन्ति ॥

धर्ममार्गं परित्यज्य छलेनाधर्मवर्तिनः ।
पतन्ति नरके घोरे पाषंडमतवर्तनात् ॥ १ ॥

इति श्रीमद्वल्लभाचार्यचरणनखचन्द्रचन्द्रिकाच्छन्नस्वान्तध्वान्तेन श्रीमन्मुरलीधरतनुजनुषाऽनिरुद्धेन कृता शुद्धाद्वैतमंजरी समाप्तिमगात् ।

' यस्यदेवे पराभक्ति र्यथादेवे तथा गुरौ ।
तस्यैते कथिताह्यर्थाः प्रकाशन्ते महात्मनः । १ ।
केनापि न निरुद्धोऽहं निजाचार्यकृपाबलात् ।
यत्सत्यं भयत्यागेन विवृतं स्फुरितं हृदि ॥ २ ॥

જેવી રીતે વૈદિક સિદ્ધાન્તમાં જગત્ અસત્ય નથી પરન્તુ સત્યજ અંગીકાર કરાય છે તેમજ જીવનું પણ અણુત્વ પ્રમાણ સ્વીકારવામાં આવે છે. શ્રુતિ આજ્ઞા કરે છે કે,

' वालाग्रशतभागस्य शतधाकल्पितस्यतु ।
भागोजीवः सविज्ञेयः । '
' एषोऽणुरात्मा चेतसा वेदितव्यः ।'
' यथा सुदीप्तात्पावकात्क्षुद्रा विस्फुलिंगा व्युच्चरन्ति ।
तथैवात्मनः सकात्सर्वेजीवाः सर्वेलोकाः कपूयचरणा रमणीयचरणाः ॥'

અર્થ—વાળના અગ્રભાગના સોમા ભાગના સોમા ભાગ જેવડો જીવ છે. આ અણુ આત્મા ચિત્તથી જાણવા યોગ્ય છે જેવી રીતે સુદીપ્ત અગ્નિથી ઝીણા ઝીણા તણખા ઉડેછે તેવી રીતે ઇશ્વરથી સર્વ જીવો સર્વદીકો કુત્સિત આચરણવાળા અને રમણીય આચરણવાળાઓનું વ્યુચ્ચરણ થાય છે. ઇત્યાદિ શ્રુતિઓ સ્પષ્ટ રીતે જીવનું અણુત્વ બતાવે છે પરન્તુ જીવનું વ્યાપકત્વ શ્રુતિને સંમત નથી. જો કે સ્ફુલિંગો અગ્નિના અંશ છે પરન્તુ જેટલી દાહકશક્તિ અગ્નિમાં છે તેટલી દાહકશક્તિ સ્ફુલિંગમાં નથી તેવી રીતે જીવ હરિનો અંશ છે હરિ સર્વજ્ઞ સર્વ સામર્થ્યવાન્ છે અને જીવમાં અલ્પજ્ઞત્વ દીનત્વ હીનત્વ ઇત્યાદિ ધર્મો છે. તે ધર્મો ઉપાધિથી ભાસતા નથી તેમ તે ધર્મો નિત્ય નિરંતર રહેવાવાળા નથી. પરન્તુ ભગવદિચ્છાથી થયેલા છે એટલે કે ' एकोऽहं बहुस्याम् ' આ શ્રુતિ પ્રતિપાદિત ભગવત્નો અનેક જીવન ઇચ્છાથીજ થયેલા છે. તે બાબત વ્યાસચરણ ઉત્તરમીમાંસામાં સ્પષ્ટ આજ્ઞા કરે છે કે, पराभिध्यानात्तु तिरोहितं ततोह्यस्य बंधविपर्ययौ એવી રીતે શ્રુતિનો આશય જીવનું અણુત્વ માનવાનો છે. હવે સૂત્રનો આશય જીવને અણુ માનવાનો છે કે વ્યાપક માનવાનો છે તે જાણવું જોઇયે વ્યાસચરણ જીવના સ્વરૂપનું નિરૂપણ કરતાં આજ્ઞા કરે છે કે ' अंशो नानाव्यपदेशात् ' અર્થ અંશઃ જીવ બ્રહ્મનો અંશ છે કારણકે ' नाना व्यपदेशात् ' કોઈ સ્થલમાં બ્રહ્મત્વથી કોઈ સ્થલમાં અજ્ઞત્વથી કોઈ સ્થલમાં ઇશ્વરત્વથી કોઈ સ્થલમાં અણુત્વથી અને કોઇ સ્થલમાં વ્યાપકત્વથી તે જીવનું નિરૂપણ કરેલું છે. એકનું વિરૂદ્ધ ધર્માશ્રયપણું બ્રહ્મ સિવાયનાને સંભવતું નથી વાસ્તે જીવ બ્રહ્મનો અંશ છે વાદી શંકા કરે કે જીવને જ્યારે અંશ માનશો ત્યારે આખા શરીરમાં ચૈતન્યની પ્રાપ્તિ થશે નહિ કારણકે તે હૃદયમાં રહે છે તેથી તેમાં રહેલું ચૈતન્ય પણ તેજ દેશમાં રહેશે. તે શંકાનું સમાધાન શ્રીમદ્ ગિરિધરચરણે શુદ્ધાદ્વૈત માર્તંડમાં આવી રીતે આપેલું છે.

'विसर्पिगुणचैतन्योऽणुर्जीवोंऽशो हरेः स्मृतः ।

અર્થ—પ્રસરણુશીલ સ્વભાવયુક્ત ચૈતન્ય છે ગુણ જેનો એવો હરિનો અંશ જીવ છે.

શંકા—ચૈતન્ય જીવનો ગુણ છે એમ કબુલ કરી શકાય ખરૂં પણ તે ચૈતન્ય આખા શરીરમાં વ્યાપિને રહે છે તે માની શકાય તેમ નથી કારણ કે ગુણ સ્વાધાર ગુણી વિના અન્યત્ર રહી શકે નહિ.

ઉત્તર—गुणाद्वालोकवत् અર્થ—' गुणात् ' જીવ નિષ્ઠ ચૈતન્ય સર્વ શરીર વ્યાપીછે કારણકે તે ગુણ હોવાથી 'आलोकवत्' સૂર્ય મણિ આદિની પ્રભા જેવી રીતે બહુ દેશમાં વ્યાપીને રહે છે તેવી રીતે ચૈતન્ય પણ સ્વાધાર જીવના કરતાં પણ અધિક દેશમાં વ્યાપીને રહે છે. વળી ' व्यतिरेकोगन्धवत् ' અર્થ સ્વઆધાર જીવના કરતાં ચૈતન્ય ગુણ અધિક દેશમાં રહે છે તેમા હેતુ આપેલ છે કે 'गन्धवत्' જેવી રીતે ચંપા વિગેરે પુષ્પોનો ગન્ધ ચંપા વિગેરે પુષ્પોના કરતાં અધિક દેશમાં પ્રાપ્ત થાય છે તેવી રીતે જીવનો ચૈતન્ય ગુણ અધિક દેશમાં વ્યાપીને રહે છે. આ સ્થળમાં કોઇ એમ કહે કે ચંપાના અવયવો વાયુથી ઉડે છે ને તેથીજ ગન્ધની પ્રાપ્તિ થાય છે તેમ પણ કહી શકાય તેમ નથી. કારણ તેવું માનવામાં આવે તો તે પુષ્પોની ન્યૂનતા થવી જોઇયે વળી કોઇ કહે કે જેટલા અવયવો નિકળેલા હોય તેટલાની પૂર્તિ ભોક્તાના ભોગ્ય અદૃષ્ટથી થશે તેવું કહેવામાં ગૌરવ પ્રાપ્ત થાય છે. તેમજ ઉત્કટ ગંધવાળા કોઇપણ પદાર્થનો સ્પર્શ થયો હોય અને પછી વારંવાર તેને ધોવાથી સુગંધી જતી નથી તેમજ અનેક ચર્મપુટથી વિંટાયલી કસ્તૂરીની સુગંધ આવે છે. તે પરથી સુગંધવાળા પદાર્થના પરમાણુ વાયુથી ઉડે છે અને તેથીજ સુગંધી પ્રાપ્ત થાય છે આ કહેવું ટકી શકતું નથી.

તેમ ત્રીજુ પણ સૂત્ર પ્રકૃત વિષયમાં પુષ્ટિ કર્તા થાય છે

अविरोधश्चन्दनवत्' અર્થ—જેવી રીતે ચન્દન એક દેશમાં રહ્યું હોય છતાં આખા શરીરમાં સુખ ઉપજાવે છે ને ઠંડક કરે છે તેવી રીતે જીવગત ચૈતન્ય ગુણ આખા શરીરમાં વ્યાપ્ત થાય છે. આવી રીતે વેદાન્ત દર્શનકાર શ્રીમદ્વેદવ્યાસને પણ જીવનું અણુત્વજ અભીષ્ટ છે. તેમજ વેદાન્તશાસ્ત્રના કર્તા સમગ્રવેદના રહસ્યને જાણનાર શ્રીકૃષ્ણચન્દ્ર ગીતાજીમાં આજ્ઞા કરે છે કે

' वेदान्तकृद्वेदविदेव चाहम् '

જ્યારે શ્રી હરિજ સમગ્રવેદને સરહસ્ય જાણનાર છે તો પછી વેદનો અર્થ પણ ભગવદ્વાક્યાનુસારેજ થવો જોઇયે.

વળી વેદમાં કહેલ છે કે 'अस्यमहद्भूतस्य निःश्वसि तं वेदाः' આ મહદ્ભૂત રૂપ ભગવાનનું નિઃશ્વસિત વેદ છે. ગીતાજી તે માટે કહે છે કે ' यास्वयंपद्मनाभस्य मुखपद्माद्विनिर्गता ' જે ગીતાજી પોતે પ્રભુના મુખારવિંદમાંથી નીકળેલા છે. તો ભગવન્નિઃશ્વસિત વેદમાં જ્યારે સંદેહ થાય ત્યારે ભગવદ્વાક્યોનો આશ્રય કરવો ઉચિત છે.

એટલા માટે શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણ નિબંધ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે

' कृष्णवाक्यानुसारेण वेदार्थं ये वदन्तिहि ।
ते हि भागवताःप्रोक्ताः शुद्धास्ते ब्रह्मवादिनः । १ ।

શ્રીકૃષ્ણ વાક્યના અનુસારે જેઓ વેદનો અર્થ કરે છે તેઓ ભગવદ્ ભક્તો છે તે પુરૂષોજ કર્મથી શુદ્ધ થયેલા છે અને તે પુરૂષોજ બ્રહ્મજ્ઞાનિઓ છે.

વેદાર્થ નિર્ણાયક ભગવાનને જીવનું અણુત્વ અભીષ્ટ છે કે વ્યાપકત્વ તે બાબત ગીતાજીથી જાણીશું. ગીતાજીમાં કહેલું છે કે

' ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।

અર્થ—જીવ લોકમાં સનાતન જીવ મારો અંશ છે, આ સ્થળે કેટલાએક પોતાની યુક્તિ ચાપલ્યનો ઉમેરો કરી કહેછે કે

જીવભાવ અવિદ્યા કલ્પિત છે વસ્તુતાએ જીવભાવ નથી. પરન્તુ જે જીવને અણુ કહેલ છે તેનું તાત્પર્ય અન્તઃકરણની ઉપાધિથી જીવને અણુ માનવામાં આવે છે આવું જો શ્રીકૃષ્ણ પ્રભુને ઈષ્ટ હોત તો ઉક્ત રીતે ન કહેતાં આમ કહેત.

' ममैवांशो जीवलोके जीवीभूतः सनातनः ।

આવું જો કહેલ હોત તો એક દેશીના પક્ષને પુષ્ટિમલત કારણકે ' जीवीभूतः ' આ પદમાં જે च्वि બતાવવામાં આવેલો છે તે अभूततद्भाव અર્થમાં થાય છે એટલે કે જીવ ન હોય છતાં અવિદ્યાની ઉપાધિથી જીવભાવ સંપાદન થયો હોય ત્યારે जीवीभूतः થઇ શકે અને એક દેશીની અભીષ્ટ સિદ્ધિ થાય પરન્તુ તેવું નહિ છતાં તેવો અર્થ કાઢવો તે **નિષ્ઠીવનમન્થન** તુલ્ય છે.

વળી બીજા શ્લોકમાં પણ બતાવેલું છે કે

' नित्यःसर्वगतस्थाणुरचलोऽयंसनातनः । '

અર્થ—જીવ નિત્ય છે સર્વમાં રહેલો છે. સ્થિતિવાળો છે અણુ છે. અચલ છે સદૈકરૂપ છે. અથવા તો જીવ નિત્ય છે અને સર્વમાં રહેલા બ્રહ્મની સાથે રહેવાવાળો છે અને અણુ છે. અચલ છે સદૈક રૂપ છે.

શંકા—**सर्वगतस्थाणुः** પદનો તમો જે અર્થ કરોછો તેમાં પ્રમાણ શું ?

ઉત્તર—તેવો અર્થ કરવામાં શ્રુતિજ પ્રમાણ છે તે બતાવવામાં આવે છે.

द्वासुपर्णा सयुजौ सखायौ समानं वृक्षं परिषस्वजाते तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्योऽभिचाकशीति ।

અર્થ—એક વૃક્ષપર બે પક્ષિઓ સાથે બેઠા હતા અને તે બન્ને મિત્રો છે તે બન્નેમાંથી એક સ્વાદિષ્ટ ફલનો ઉપભોગ કરે છે અને બીજો ફલ નહિ ખાતાં જોયા કરે છે આ સ્થળે વૃક્ષ શરીર છે. બે પક્ષી જીવ અને અન્તર્યામી છે, તે વૃક્ષનું ફલ સુખ દુઃખ ભોગ છે. આ શ્રુતિ **सर्वगतस्थाणुः** એક પદ રાખવામાં પુષ્ટિ આપે છે.

પ્રસ્થાન ચતુષ્ટયને અનુસરી વૈદિક સિદ્ધાન્ત નીચે પ્રમાણે છે જીવનું અણુત્વ પ્રમાણ છે. જગત્ બ્રહ્મરૂપ હોવાથી સત્ય છે. બ્રહ્મ સાકાર છે (આનંદાકાર છે) અને નિરાકાર (પ્રાકૃત આકાર રહિત) છે. આથી જેટલો ભાગ વિરૂદ્ધ માનવામાં આવે તે વેદવિરૂદ્ધ છે તે વેદ વિરૂદ્ધ જ્ઞાન ભક્તિમાં ઉપયુક્ત ન હોવાથી ગ્રાહ્ય નથી તે વિરૂદ્ધ જ્ઞાન અંગીકાર કરનારને માટે શ્રીમદ્વલ્લભાચાર્ય ચરણનો નીચે પ્રમાણે અભિપ્રાય છે.

वेदमार्ग विरोधेन येषां करणमण्वपि ।
तेहि पाषंडिनो ज्ञेयाः शास्त्रार्थत्वेन वेषिणः । १ ।

અર્થ—વેદમાર્ગ વિરૂદ્ધ જે પુરૂષોની લેશ પણ કૃતિ છે તે પુરૂષોને પાખંડી જાણવા અને તે પાખંડમાર્ગમાં પ્રવૃત્ત મનુષ્યોને નીચે પ્રમાણે ફલ થાય છે.

धर्ममार्गं मरित्यज्य छलेनाधर्मवर्तिनः ।
पतन्ति नरकेघोरे पाषंडमतवर्तनात् ॥

ધર્મ માર્ગનો ત્યાગ કરી છલથી અધર્મમાં વર્તનારાઓ પાષંડમાં વર્તવાથી ઘોર નરકમાં પડે છે.

यस्य देवे पराभक्ति र्यथादेवे तथा गुरौ ।
तस्यैते कथिताह्यर्थाः प्रकाशन्ते महात्मनः ।

અર્થ—જેની દેવ (પુરૂષોત્તમ)માં ઉત્કૃષ્ટ ભક્તિ છે અને

જેવી હરિમાં તેવીજ ગુરૂમાં ભક્તિ છે તે મહાત્માનેજ આ કહે-
વાયલા અર્થો પ્રકાશ કરે છે. ॥૧॥

केनापिन निरुद्धोऽहं निजाचार्यकृपाबलात् ।
यत्सत्यं भयत्यागेन विवृतं स्फुरितं हृदि ॥ १ ॥

શ્રીમદ્વલ્લભાચાર્યની કૃપાબલથી હું કોઇનાથી પણ રો-
કાઈ શક્યો નથી અને તેજ આચાર્યચરણની કૃપાબલથી જે હૃ-
દયમાં સ્ફુર્યું છે તે સત્યનો ભય ત્યાગ કરી મેં વિવૃત્ત કરેલું છે.

इतिश्री वादिवृन्दवदनविध्वंसनविदग्धवचःश्रीमद्वल्लभाचार्यचर-
णानुकंपाकांक्षिणा श्रीमदनिरुद्धाचार्यचरणाप्तपुष्टितत्त्वेन
देवकृष्णजानिना शास्त्रिदुर्लभशर्मणा तदनुज्ञया
तत्कृतशुद्धाद्वैतमंजर्यामोदो व्यतानि ।